R.N.I. No. : 66450/97 Dkphgdedg#Mxulvglfwlrq (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

kwws=22mdjdglvkfkulvwldq1frp
#hpdlo=jduylqdynudqwl#C#|dkrr1frp

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 24•ISSUE: 31/32 DATE: 08-08-2020•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

L#xghoholhuhg#soluhwxuq#wr સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## દેશની જંગી નફો કરતી જાહેર ક્ષેત્રની કંપની ભારત પેટ્રોલીયમ કોરપોરેશનને ખાનગી ક્ષેત્રોને વેચી કઢાશે

ભારત પેટ્રોલીયમ કોરપોરેશન(બીપીસીએલ)દેશની જંગી નફો કરતી જાહેર ક્ષેત્રની કંપની છે. કેન્દ્ર સરકારે હવે તેને વેચી કાઢવાનો પ્લાન બનાવ્યો છે. તેના માટે તેમણે પોતાના કર્મચારીઓને માટે વીઆરએસની યોજના મુકી છે. કેન્દ્ર સરકારે દેશની ત્રીજા નંબરની સૌથી મોટી તેલ રીફાનરી તથા બીજા નંબરની સૌથી મોટી પેટ્રોલીયમ વિતરણ કંપનીનું ખાનગીકરણ કરવા જઇ રહી છે. ખાનગીકરણ કરતાં પહેલાં કર્મચારીઓ માટે વીઆરએસની યોજના અમલમાં મુકી છે. બીપીસીએલ એ પોતના કર્મચારીઓને મોકલેલી આંતરિક નોટીસમાં કહ્યુ છે કે કંપનીએ વીઆરએસની ઓફર આપવાનો નિર્ણય કર્યો છે. આ યોજના એ કર્મચારીઓ માટે છે જે વિવિધ વ્યક્તિગત કારણોથી કંપનીમાં પોતાની સેવા ચાલુ રાખવાની સ્થિતિમાં નથી. એ કર્મચારીઓ વીઆરએસ માટે અરજી કરી શકે છે.

ભારત પેટ્રોલીયમ વીઆરએસ યોજના ૨૦૨૦-૨૩ જુલાઈએ ખુલી છે અને ૧૩મી ઓગષ્ટે બંધ થશે.કંપનીના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યુ કે વીઆરએસ એ કર્મચારીઓને બહાર નિકળવાનો વિકલ્પ આપવા માટેની ઓફર છે. જે ખાનગી મેનેજમેન્ટ હેઠળ કામ કરવા ઈચ્છતા નથી. બીપીસીએલમાં સરકાર પોતાની સંપુર્ણ ૫૨.૯૮ ટકા ભાગીદારી વેચી રહી છે. બીપીસીએલના કુલ કર્મચારીઓની સંખ્યા૨૦,૦૦૦ છે. અધિકારીએ કહ્યુ હતું કે પાંચથી દસ ટકા કર્મચારીઓ વીઆરએસનો વિકલ્પ પસંદ કરી શકે છે. જો કે આ દરમિયાન બીપીસીએલના અધિકારીઓના યુનિયને કહ્યુ હતું કે ૯ લાખ કરોડ રુપીયાના મુલ્યની ખુબ કિમતી કંપની કોડીના ભાવે વેચવામાં આવી રહી છે. અને કંપનીનુ ખાનગીકરણ દેશ માટે આત્મઘાતી સાબિત થઈ શકે છે. બીપીસીએલ મુંબઈ, કોચીન,મધ્યપ્રદેશના બીના અને નુમાલી ગઢ-અસમમાં પ્રતિવર્ષે ૩૮.૩ ટનની સંયુક્ત ક્ષમતાની સાથે ચાર રિફાયનરીનું સંચાલન કરે છે. જે ભારતની ૨૪૯.૮ મિલિયન ટનની કુલ ક્ષમતાનો ૧૫.૩ ટકા હિસ્સો છે. દેશભરમાં બીપીસીએલના લગભગ ૧૬૩૦૯ પેટ્રોલપંપો અને ૮૧૧૩ એલપીજી વિતરક એજન્સી છે. આ સિવાય ૫૧ એલપીજી બોટલીંગ પ્લાન્ટ છે.

બીપીસીએલના ખાનગીકરણ માટે બે ચરણોમાં બોલી લગાવવામાં આવશે. પહેલા ચરણમાં ઈઓઆઈ માટે બીજા ચરણમાં નાણાંકીય બોલી લગાવામાં આવશે.અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે નવેમ્બર મહિનામાં કેન્દ્રીય મંત્રીમંડળે બીપીસીએલમાં સરકારે પોતાના તમામ હિસ્સાના વેચાણ માટે મંજુરી આપી હતી.

જંગી નફો રળી આપતા જાહેર ક્ષેત્રના એકમોને વેચી નાંખીને સરકાર મુડીવાદી વિચારસરણીને પ્રાધાન્ય આપી રહી છે. ધીમે ધીમે દેશના મોટા ઉદ્યોગપતિઓ મોટા એકમોના માલિક બની જશે.આમ દેશમાં પુંજીપતિઓનું વર્ચસ્વ વધી જશે અને લોકશાહીનો મરણઘંટ વાગશે.

## ફ્રાંસથી પાંચ રાફેલ જેટ ફાઇટર વિમાનો સુખોઇ વિમાનના એસ્કોટ દ્વારા ભારતના અંબાલા વાયુસેનાના એરબેઝ ખાતે આવ્યા



ભારતીય વાયુસેનામાં બહુચર્ચિત રાફેલ વિમાનની પહેલી બેચ હરિયાણાના અંબાલા એરબેઝ ખાતે આવી પહોચી હતી. સુખોઈ યુધ્ધ વિમાન એરફોર્સમાં સામેલ કરાયાના ૨૩ વર્ષ બાદ રાફેલ યુધ્ધ વિમાનોને વાયુસેનામાં સામેલ કરાશે. ફ્રાંસ પાસેથી ખરીદાયેલ રાફેલ વિમાનો માટે ખાસ ચર્ચાઓ છેડાઈ હતી. ફ્રાંસ પાસેથી ખરીદાયેલા આ યુધ્ધ વિમાનો માટે વડાપ્રધાને કરેલી ફ્રાંસ સાથે સોદાની ચર્ચા માટે વિપક્ષોએ ભારે હોબાળો મચાવ્યો હતો. વડાપ્રધાને રાફેલની પહેલી બેચનું સ્વાગત કર્યું હતું. ભારતની વાયુસેનાની તાકાત આ વિમાની કાફલો ઉમેરાવાથી મજબુત બનશે.

## રેલવે પ્રવાસીઓ માટે નવી ગાઇડલાઇન નો કડકાઇથી અમલ કરાશે : ઘેરથી ભોજન લાવવું પડશે અને દોઢ કલાક વહેલા પહોચેલા પ્રવાસીઓને જ ટ્રેનમાં બેસવા દેવાશે



કોરોના વાઈરસની મહામારીના સમયમાં ભારતીય રેલવેએ પ્રવાસીઓને માટે એક નવી ગાઈડલાઈન જારી કરી છે. અને પ્રવાસીઓએ તેનું કડકાઈથી પાલન કરવું પડશે. જેમાં ફક્ત કન્ફર્મ ઈ-ટીકીટ દ્વારા રેલવે સ્ટેશન પર આવી શકાશે. જો કે તેને માટે કરફ્યુ પાસની જરુર નથી. થર્મલ સ્કીનીંગ માટે પ્રવાસીઓએ ટ્રેન ઉપડવાની ૯૦ મીનીટ પહેલા સ્ટેશને પહોચવું પડશે. જેમનામાં કોરોનાનું એક પણ લક્ષણ જોવા ન મળે ફક્તે તેમને જ ટ્રેનમાં બેસવા દેવાશે. સાથે સાથે સેનિટાઈઝર પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ટ્રેનના પ્રવાસ દરમિયાન માસ્ક પહેરી રાખવું ફરજીયાત છે. તમામ પ્રવાસીઓએ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવી પડશે.સફર દરમિયાન કામળા,ચાદર પરદાની સુવિધા નહીં મળે. પ્રવાસીઓએ પોત પોતાના ઘેરથી ભોજન લાવવું પડશે. પ્રવાસીઓએ શક્ય ઓછો સામાન લાવવાનો રહેશે.

## કેન્દ્ર સરકારે દ્વારા અનલોક-૩ની ગાઇડલાઇન્સ જારી કરવામાં આવી જે ૧લી ઓગષ્ટથી લાગુ પડશે

દેશમાં કોરોનાની સ્થિતિને કાબુ કરવા માટે અને અર્થતંત્રને તેમજ સામાજિક તંત્રને ધબકતુ કરવા માટે કેન્દ્ર સરકારે અનલોક-૩ની ગાઈડલાઈન્સ જારી કરવામાં આવી છે. કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલી આ ગાઈડલાઈન્સ ૧લી ઓગષ્ટથી લાગુ પડશે. રાજ્યો, કેન્દ્ર શાસિત પ્રદેશો અને કેન્દ્રીય મંત્રાલયો તથા વિભાગોના અધિકારીઓ વચ્ચે થયેલી બેઠકોના અંતે તબક્કાવાર ત્રીજા ફેઝમાં દેશને અનલોક કરવાની ગાઈડલાઈન્સ જારી કરાઈ છે. આ ગાઈડલાઈન્સ પ્રમાણે સૌથી પહેલા તો રાત્રી કરફ્યુ દુર કરવામાં આવ્યો છે. પહેલી ઓગષ્ટથી દેશભરમાંથી રાત્રી કરફ્યુ દુર કરાયો છે. તે ઉપરાંત પાંચમી ઓગષ્ટથી જીમખાના અને યોગા સેન્ટર ખોલવાના પણ આદેશ આપવામાં આવ્યા છે. શાળા, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓ,મેટ્રો અને સિનેમા ઘરો તથા સ્વીમીગપુલ બંધ રાખવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા પોતાની સ્થાનિક સ્થિતિઓનો અભ્યાસ કરીને કેન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવાના નિર્ણયો લેવામાં આવશે. આ ઝોન સિવાયના વિસ્તારોમાં જ છુટછાટ આપવામાં આવશે. રાજ્યોને જે વિસ્તારમાં શકબંધ સ્થિતિ લાગશે ત્યાં પ્રતિબંધ મુકવામાં આવશે. રાજ્યોની અંદર આવવા કે બહાર જવા માટે કોઈ પ્રતિબંધ નહીં રહે.તેના માટે અલગથી ઈ-પરમીટ લેવાની પણ જરુર નથી. સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન કરવું પડશે. ૬૫ વર્ષથી વધુ ઉમરના લોકો, ગર્ભવતીઓ અને ૧૦ વર્ષથી નાના બાળકો તથા ગંભીર બિમારી ધરાવતા લોકોને ઘરમાં રહેવા માટેની ભલામણ કરવામાં આવી છે.

મલ્ટીપ્લેક્સ ઓનર્સ અને સિંગલ સ્કીન ઓનર્સ દ્વારા સિનેમાં હોલ ખોલવાની પરવાનગી માંગવામાં આવી હતી. પણ સરકારે ત્રીજા ફેઝમાં તેને ફગાવી દીધી છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**#kwws=22mdjdglvkfkulvwldq1frp**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક kwws=22idfherrn1frp2urelq1gkrodnld ઉપર પણ જોઈ શકાશે.૨

# ગરવી નવક્રાંતિ

દેશમાં કોરોનાનો વાયરસ વિકરતો જાય છે. આંકડાની સ્પર્ધા કરતો હોય તેમ કોરોના દિવસે દિવસે ચીલ ઝડપે વિકસતો જાય છે. હજુ તો કેટલાક મધ્યમવર્ગી સુધીજ નોબત આવી છે પરંતુ ગામડાઓમાં હવે સંક્રમણ ફેલાવાની શક્યતાઓ વધી ગઈ છે. ખરેખર નાગરિકોને બચાવવા માટેના અથાગ પ્રયત્નો સરકારે કરવા જોઈએ. અમેરિકાની સ્થિતિ અસહ્ય બની ગઈ છે. મૃત્યુનો આંકડો ૨ લાખ સુધી પહોચી જવાની શક્યતાઓ રહેલી છે.પરંતુ અમેરિકાના રાજકારણીઓને ચુંટણી માત્ર વિકલ્પ દેખાઈ રહ્યો છે. આજ પ્રમાણે દેશની હાલત આર્થિક રીતે ખુબજ કંગાળ હાલતમાં પહોચી ગઈ છે.જેઓ આ બાબતે જાણકારો છે તેમણે હાથ ધોઈ નાંખ્યા છે.દેશની હાલત સુધારવા માટેના રસ્તાઓ સાંકડા બનતા જાય છે. બીજી બાજુ કોરોના અને ત્રીજી બાજુ વરસાદની આફતો. દેશના નાગરિકોને માટે બધી બાબતો આફતો સમાન છે. નોકરીઓ છુટતી ચાલી છે.દેશના મધ્યમ અને ગરીબ વર્ગીય પરિવારો માટે ખુબજ મુશ્કેલ ભરી પરિસ્થિતિનું નિર્માણ થઈ ચુક્યું છે. વરસાદી માહોલ,પુર અને આફતોની સામે લડવાનું ભારે છે. લોકો રોડ પર આવી ગયા છે. લાખોની સંખ્યા બેઘર બની છે. આસામ,બિહાર વિગરે રાજ્યોમાં પરિસ્થિતિ વિકટ છે છતાં સરકારને ચુંટણીઓના બ્યુગલ વગાડવા છે. કોણ સામાન્ય લોકોની મદદે જશે. કેટલાક નેતાઓ મંદિરના પ્રશ્ને પ્રશંશા મેળવવા માટે દોડાદોડી કરી રહ્યા છે. મંદિર, હોય કે અન્ય પ્રશ્નો,લોકોને રાહત કોણ આપશે. મંદીમાંથી છુટકારો મેળવવા માટે શું રાફેલ મદદે આવશે ? આવા અનેક વિકટ પ્રશ્નોનો મુકાબલો કરવાનો છે. ક્યો નેતા આ બધાની સામે પ૬ની છાતી કાઢીને લોકોને માટે મસિહા બનીને આવશે. કોરોનાની વાસ્તવિકતા એ છે કે દેશની વૈધકીય સારવાર પધ્ધતિ નમાલી નીવડી છે. લોકોને કોરોનાને નામે લુંટી લેવાયા છે અને સરકારે તેની સાથે ભાગીદારી જ કરી છે તેવું કહેવું પડે તેમ છે. કારણકે સરકારે જ ભાવો બાંધી આપ્યા છે.

## મંતવ્ય

## ચીનના હલકી ગુણવત્તા ધરાવતા ૩૭૧ પ્રકારના સામાન પર માર્ચ-૨૦૨૧થી લગામ કસાશે

ભારત સરકાર આગામી માર્ચ મહિનાથી ચીનથી આયાત થતાં રમકડાં,સ્ટીલ બાર,સ્ટીલ ટ્યુબ, કન્ઝુમર્સ ઈલેટ્રોનિક્સ, ટેલીકોમ આઈટમ,હેવી મશીનરી,કાગળ, રબર આર્ટીકલ્સ, ગ્લાસ સહિતની ૩૭૧ કેટેગરીની ચીજ વસ્તુઓ માટે માર્ચ ૨૦૨૧થી ઈન્ડીયન સ્ટાન્ડર્ડ(આઈએસ)ફરજીયાત બનાવશે.જેના પગલે ભારતીય બજારોમાં ઠલવાતા હલકી ગુણવત્તાના ચીની સામાન પર લગામ કસી શકાશે.આ ૩૭૧ હલકી ગુણવત્તાની ચીજવસ્તુઓની ઓળક કેન્દ્રીય વાણિજ્ય મંત્રાલયે કરી છે. એક કહેવત છે કે ‘ રાંડ્યા પછીનું ડહાપણ‘ છેલ્લા કેટલાય વર્ષોથી કોઈ જાતની રોકટોક વગર ચીનનો બેફામ ગુણવત્તા વગરનો સામાન આ દેશના નાગરિકોને મળી રહ્યો છે.કોણ જવાબદાર ? દેશમાં આયાતનો પરવાનો તો આ જ સરકાર આપે છે તેમના અધિકારીઓ આપે છે. અત્યાર સુધી આ અધિકારીઓને કેમ ના સુઝ્યુ કે બીઆઈએસ ધોરણો મુજબ જ માલ લેવાય.ચીને સરહદો પર તમામ પ્રકારના સબંધો તોડી નાંખી,ઝુલા ઝુલાવ્યા કે ખમણ- ઢોકળા ખવરાવ્યા બધુ ભુલી જઈને તમારા વીર સૈનિકોને શહીદ કરી નાંખ્યા પછી તમને આ ડહાપણ સુઝ્યું ?દેશના અસંખ્ય નાગરિકો-ગ્રાહકોને તકલાદી ચીજવસ્તુઓ પધરાવીને જંગી નફો કમાઈ લેનાર ચીની વેપારીઓ, અને મલાઈ ખાનારા આપણા રાજનેતાઓ અને અધિકારીઓને સજા કરવી જરુરી છે. દેશના હિતની જ વાતો કરવી હોય તો કડકાઈ કરવી પડે અને નશ્યત કરવી પડે. ખેર આયાત કરાતી તમામ ચીજવસ્તુઓ યોગ્ય હોવી જરુરી છે.

રમણીકભાઈ કે ખુમાન




વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# અનેક ચર્ચાઓ અને સહમતી બાદ પણ ભારત ચીન વચ્ચે તણાવયુક્ત પરિસ્થિતિ હજુ સુધરી નથી. હજુ પણ બેઉ બાજુની સેનાઓ આમને-સામને છે.ચીનાઓ લડાખ સરહદેથી પાછળ હટવા હજુ તૈયાર નથી.વાયુસેનાને તૈયાર રહેવાનો આદેશ સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે આપ્યો

ભારત અને ચીનની વચ્ચે લડાખ બોર્ડર પર તણાવયુક્ત પરિસ્થિતિ હજું સુધી સુધરી નથી.કહેવાતી સંધિઓ ,ચર્ચાઓ, સમાધાનો વિગેરે પોકળ દેખાઈ રહ્યા છે. કેટલીક સહમતી પર આંશિક પ્રગતિ થઈ છે પરંતુ તેને સફળ સમાધાન કહી શકાય નહી. આ તો એક પ્રકારની છેતરપીડીં છે. હજું પણ પેગોંગ લેક અને હોટ સ્પિંગ જેવા વિસ્તારો છે ત્યાં બંને સેનાઓ આમને-સામને છે. એવામાં તણાવપુર્ણ સ્થિતિને જોતાં ભારતીય સૈન્ય સંપુર્ણ પણે સાવધાન છે. મે મહિનામાં શરુ થયેલા તણાવને સમાપ્ત કરવા માટે બંને દેશના સૈન્યે વાતચીત થકી સમસ્યાનો ઉકેલ લાવવા કોશીશ કરી હતી. જેમાં નક્કી થયું હતું કે તમામ વિવાદિત સ્થળોથી સૈન્ય પાછુ હટી જશે. પરંતુ હજુ સુધી ચીની સૈન્ય પાછુ હટ્યુ નથી. કેટલાક મીટર આધુ પાછું થયું છે તેને પાછુ હટી ગયું કહેવું યોગ્ય નથી. તેને સમાધાન કહી શકાય નહી.બને બોર્ડર પર મોટી સંખ્યામાં સૈન્ય એકઠું થયું છે. અને કેટલાક વિસ્તારો તણાવપુર્ણ છે. ચીની સેનાએ પર્વતીય વિસ્તારોમાં પોતાનો અડ્ડો ટકાવી રાખ્યો છે. બીજી તરફ તળાવના કિનારા બાજુ કરવામાં આવેલા ઈન્ફાસ્ટ્રકચર દુર કરાયા નથી અને તે દુર કરવાના મુડમાં નથી. તો ચર્ચા કરનારાઓ ક્યા પ્રકારની વાતચીત કરે છે અને ક્યા પ્રકારના સમાધાન કરે છે તે ખબર પડતી નથી. આપણા રાજસત્તા પર બેઠેલા નેતાઓ સબ સલામતની બાંગ પોકારી રહ્યા છે. જ્યાં સરહદ પર ચિત્ર કાંઈક જુદુ છે.સંરક્ષણ મંત્રી સેનાને પડકાર આપે છે કે તૈયાર રહેજો.દેશની જનતાને આ બધી બાબતો માટે સાચા સમાચાર મળવા જોઈએ એ જરુરી છે. મે મહિનામાં થયેલા સંઘર્ષમાં ૨૦ જવાનોના બલિદાન અપાયા છે. તેની કાળજી લેવાવી જોઈએ અને સરહદી તણાવમાંથી મુક્તિ મળવી જોઈએ.

# અમેરિકાએ ૧૧ ચીની કંપનીઓ પર પ્રતિબંધ મુક્યા બાદ, ચીની દુતાવાસને ૭૨ કલાકમાં બંધ કરવાના આદેશ આપ્યો

અમેરિકાએ ચીનના હ્યુસ્ટનમાં સ્થિત દુતાવાસને ૭૨ કલાકમાં બંધ કરવાનો આદેશ જારી કર્યો છે. અમેરિકાના આદેશ બાદ ચીનના દુતાવાસના કર્મચારીઓ ગોપનીય દસ્તાવેજોને આગ લગાવતાં જોવા મળ્યા હતા. ત્યાંજ અમેરિકાના આ પગલાંને લઈને ચીને લાલ આંખ કરી છે. અને તેણે જવાબી કાર્યવાહી કરવાની ધમકી આપી છે.ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલાં અમેરિકાએ ચીન પર એવો આરોપ મુક્યો હતો કે તે મુસ્લીમો પર અત્યાચાર કરી રહ્યું છે. અમેરિકાએ આ સાથે ૧૧ ચાઈનીઝ કંપનીઓને તેમની કામગીરી બંધ કરવાનું કહ્યુ છે. ચીનની કેટલીક એપ પર પ્રતિબંધની વિચારણા પણ અમેરિકામાં ચાલી રહી છે.

અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલા તણાવને ધ્યાનમાં રાખીને અમેરિકાએ હ્યુસ્ટનમાં દુતાવાસ બંધ કરવાના આદેશ આપ્યા છે. તેના માટે અમેરિકાએ ચીનને ૭૨ કલાકનો સમય આપ્યો છે. એટલું જ નહીં દુતાવાસને ખાલી કરવાના આદેશ બાદ ચીનના વિદેશ મંત્રાલયમાં હડકંપ મચી ગયો હતો.અને ચીનના વિદેશ મંત્રાલયે આ મામલે આકરી પ્રતિક્રિયા આપી છે. ચીનના વિદેશ મંત્રાલયે અમેરિકાના પગલાંની નિંદા કરી છે અને જણાવ્યુ છે કે અમેરિકાએ આ ખોટો આદેશ પરત ખેચી લેવો જોઈએ નહીં તો તેઓ એક ન્યાયી અન જરુરી કાર્યવાહી કરશે. ત્યાંજ અમેરિકાના આદેશ બાદ ચીનના દુતાવાસમાં અફરા તફરીનો માહોલ છે અને ચીનના કમચારીઓને મોટી સંખ્યામાં ગોપનીય દસ્તાવેજોને આગ લગાવતા જોવા મળ્યા હતા.

કેટલાક લોકોએ જણાવ્યુ હતું કે દુતાવાસના કર્મચારીઓ દ્વારા પ્લાસ્ટીકના બાસ્કેટમાં દસ્તાવેજો અને કાગળો લાવીને આગમાં નાંખવામાં આવતા હતા.સ્થાનિકો દ્વારા પોલીસ અને ફાયરબ્રિગેડને આ બાબતે જાણ કરવામાં આવતાં ફાયર વિભાગની ગાડીઓ આગ ઓલવવા માટે આવી હતી પરંતુ ચીની દુતાવાસમાં તેમને અંદર જવા દેવાયા નહોત. થોડા સમય પછી આગ ઓલવાઈ ગયેલી જોવા મળી હતી.


ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું#લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬


## જાણવા જેવું

જાન્યુઆરી ૨૦૦૯માં વિવિડ પિન્ક તરીકે ઓળખાતા ગુલાબી રંગના હીરાની હરાજી કરવામાં આવી હતી.આ હીરાની આસપાસ બે સફેદ હીરા જડવામાં આવ્યા હતા. અને ૪૩.૬ કરોડ રુપીયામાં તે વેચાયો હતો.

મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્કીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્કીપ્ટના ૩ કરોડ,૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઈન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઈ ધરાવે છે.


ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગા`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહ,કોરોનાના પ્રારંભિક લક્ષણો દેખાતા હોસ્પીટલમાં દાખલ,રિપોર્ટ પોઝીટીવ આવ્યો



કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહ કોરોના વાયરસથી ચેપગ્રસ્ત થયા છે. તેમણે એક ટ્વિટથી આ માહિતી આપી હતી. જો કે તેમની તબિયત સારી છે પરંતુ ડોકટરોની સલાહથી તેઓ ગુરગ્રામ મેદાંતા હોસ્પીટલમાં દાખલ થયા છે.

તેમણે ટ્વિટમાં કહ્યુ હતું કે પ્રારંભિક લક્ષણ દેખાયા તેથી ટેસ્ટ કરાવતાં રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. જો કે તેમને કોઇ ગંભીર સમસ્યા નથી. કોરોનાના સામાન્ય જ લક્ષણો છે. તેમણે કહ્યુ હતું કે મારો તમારાથી અનુરોધ છે કે તમારામાંથી જે કોઇ પણ લોકો છેલ્લા થોડાક દિવસોથી મારા સંપર્કમાં આવ્યા હોય તેઓ તેમની જાતને આઇસોલેટ કરીને પોતાની તપાસ કરાવે.જો કે સલામતીના તમામ ધોરણોનું પાલન કરાયુ છે છતાં કોન્ટેક્ટ ટ્રેસિંગની વ્યાપક પ્રક્રીયા હાથ ધરાઇ છે. અને મંત્રીશ્રી સાથે સંપર્કમાં આવેલા તમામને જાતે આઇસોલેટ થવું પડશે.

# અમિતાભ બચ્ચન કોરોના નેગેટીવ આવ્યા બાદ હોસ્પીટલમાંથી મુક્તિ અપાઇ



મિલેનીયમ મેગા સ્ટાર અમિતાભ બચ્ચનનો કોરોના વાયરસનો રિપોર્ટ નેગેટીવ આવ્યો છે. અને તેથી તેમને નાણાવટી હોસ્પીટલમાંથી રજા આપવામાં આવી છે. આ પહેલા તેમની પુત્રવધુ અને પૌત્રીને પણ નેગેટીવ રિપોર્ટના આધારે રજા આપવામાં આવી હતી. હવે અભિષેક બચ્ચનના નેગેટીવ રિપોર્ટની રાહ જોવાઇ રહી છે.અભિષેક બચ્ચન હજુ પોઝીટીવ હોવાના કારણે તેમની સારવાર ચાલી રહી છે. બોલિવુડ શહેનશાહ બચ્ચન કોરોનાના ખતરનાક વાયરસને મ્હાત કરવામાં સફળ રહ્યા છે. બચ્ચન પરિવારના ચાર સભ્યો પૈકી ત્રણને હોસ્પીટલમાંથી રજા આપી દેવાઇ છે. ગત ૧૧મી જુલાઇએ અમિતાભ વચ્ચનનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો તેથી તેમને નાણાવટી હોસ્પીટલમાં દાખલ કરાયા હતા. તેઓ નાણાંવટી હોસ્પીટલમાં ૨૩ દિવસની સારવાર લીધી હતી.


## કાર ભાડે મળશે



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




## જાણવા જેવું

જાન્યુઆરી ૨૦૦૯માં વિવિડ પિન્ક તરીકે ઓળખાતા ગુલાબી રંગના હીરાની હરાજી કરવામાં આવી હતી.આ હીરાની આસપાસ બે સફેદ હીરા જડવામાં આવ્યા હતા. અને ૪૩.૬ કરોડ રુપીયામાં તે વેચાયો હતો.

મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્કીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્કીપ્ટના ૩ કરોડ,૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.

લેડી ડાયેનાએ સહી કરેલા પત્તાની હરાજી કરવામાં આવી ત્યારે એ એક પત્તાના ૮ લાખ ૩૨ હજાર રૂપીયા ઉપજ્યા હતા. આ પત્તુ એર હોસ્ટેસ શેલા બાર્કલે વ્હાઇટ દ્વારા સાચવી રાખવામાં આવ્યુ હતું.


DJQHOR#IUHH#PDUULDJH
VHUYHFHV#LQGLD
djqhoriuhhpduuldjhexuhdxCjpdlo1frp1
sdupdubndqx5335C|dkrr1fr1lq
#####kwws=22mdjdglvkfkulvwldq1frp2
#####Frqdfw#Qr133<4#<;577;<677/
#####+U,33<4059<50593665


# ઉત્તરપ્રદેશમાં પત્રકાર જોશીની જાહેરમાં ગોળી મારીને હત્યા કરાઇ

ઉત્તરના રાજ્યોમાં મહિલાઓની સ્થિતિ દિવસે દિવસે કથળતી જાય છે. પત્રકાર વિક્રમ જોશીની ગાઝીયાબાદ ખાતે જાહેરમાં કેટલાક ગુંડાતત્વોએ ગોળી મારીને હત્યા કરી હતી. આ હુમલામાં ઈજાગ્રસ્ત જોશીનું સારવાર દરમિયાન મોત થયું હતું. પત્રકાર વિક્રમ જોશીની ભાણીની કેટલાક ગુંડા તત્વો પજવણી કરી રહ્યા હોવાની એફઆઇઆર પત્રકારે કરી હતી.તેનાથી અકળાયેલા આ ગુંડા તત્વોએ ગાઝિયાબાદના વિજયનગરમાં પોતાના ઘરની નજીક જ્યારે જોશી જઇ રહ્યા હતા ત્યારે કેટલાક લોકોએ તેમના પર હુમલો કર્યો હતો. જો કે આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઇ હતી. અને પોલીસે આ ઘટનામાં નવ જેટલા શખ્સોને પકડ્યા છે. વિક્રમ જોશી એક સ્થાનિક અખબારમાં કામ કરી રહ્યા હતી. તેઓ બાઇક ઉપર જઇ રહ્યા હતા ત્યારે તેમની પર હુમલો કર્યો હતો.

કોગ્રેસના નેતા રાહુલ ગાંધીએ યુપીના મુખ્યમંત્રી યોગી સરકાર પર ગાઝીયાબાદ ખાતે પત્રકારની હત્યા બાબતે આકરી ટીકા કરી હતી. રાહુલ ગાંધીએ મરનારના પરિવારજનોને દિલાસો પાઠવ્યો હતો. તેમણે કહ્યુ હતું કે યોગી રામરાજની વાતો કરે છે પરંતુ ગુંડા રાજ ચાલી રહ્યું છે. પત્રકાર તેમની ભાણીની છેડતીનો વિરોધ કરી રહ્યા હતા તેથી તેમની હત્યા કરાઇ છે. જો કે યુપીમાં મહિલાઓની સલામતી બાબતે ચિતા ઉપજાવે તેવી સ્થિતિ છે.

યુપી સરકારે મૃતક પત્રકારના પરિવારને રુ. ૧૦લાખના વળતરની જાહેરાત કરી છે.

# અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલા ગજગ્રાહને કારણે તેમજ વિશ્વવ્યાપી મહામારીને કારણે આંતરરાષ્ટ્રીય બજારોમાં ઉછાળો : સોના-ચાદીના ભાવો આસમાને

અમેરિકા-ચીન વચ્ચે ચાલી રહેલા ટ્રેડ વોર અને વિશ્વવ્યાપી કોરોના મહામારીની અનિશ્ચિતતાઓ વચ્ચે આંતરરાષ્ટ્રીય બજારોમાં ભારે ઉછાળો નોધાયો હતો. આ ઉછાળાને પગલે ભારતમાં સોના-ચાંદીના ભાવો માં ભડકો થયો હતો અને ભાવો આસમાને પહોચ્યા હતા. ભારતમાં સોના અને ચાંદીની ફયુચરમાં કિંમતો ઓલટાઇમ હાઇ સપાટી પર પહોચી ગઇ હતી. અમદાવાદમાં એક જ દિવસમાં રુ. ૩૭૦૦ ઉછળીને રુ. ૫૯,૦૦૦ની સપાટી પર પહોચી હતી. જ્યારે સોનામાં બિલમાં રુ. ૯૦૦ વધીને રુ. ૫૧,૯૦૦ અને રોકડામાં ૫૧,૪૦૦ ( દસ ગ્રામ) પર બંધ રહ્યુ હતું.બુલિયન માર્કેટના વેપારીના મતે આટલો મોટો ઉછાળો પહેલીવાર જોવાયો છે. નોટબંધી પછી ચાંદીમાં રુ. ૭૨,૦૦૦ સુધીનો ભાવ બોલાયા હતા. પણ એ સૌદા ખાનગીમાં થયા હતા. હવે વાયદામાં ચાંદી નવી ઉંચી ઉંચાઇએ પહોચી છે. હજુ તેજી આવવાની સંભાવના છે.

૧૯૯૮માં એક ફાઉન્ટેન પેનની હરાજી થઇ અને આ પેનના ૨૧ કરોડ ૮લાખ રૂપીયા ઉપજ્યા હતા. આ પેનમાં રૂબિ,સેફાયસ વિગેરે કીમતી પથ્થરો જડવામાં આવ્યા હતા અને તે એક નહી પુરા ૬૦૦.ફ્રેન્ચ કંપની રીડીન દ્વારા તે બનાવવામાં આવી હતી.આ પેનને બનાવવામાં એક વર્ષનો સમય લાગ્યો હતો.

૧૯૨૭માં આવેલી સાઇલેન્ટ ફિલ્મ મેટ્રોપોલીનના પોસ્ટરની ૨૦૦૫માં હરાજી કરવામાં આવેલી તેમાં તેના ૬૯ કરોડ રૂપીયા ઉપજ્યા હતા. આ ફિલ્મના પ્રમોશન માટે માત્ર ૪ પોસ્ટર જ તૈયાર કરવામાં આવ્યા હતા.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬

# ઇગ્લેન્ડના સ્ટુઅર્ટ બ્રોડે તેની કારકીર્દીની ૫૦૦ વિકેટ પુરી કરી



વેસ્ટ ઇન્ડીઝ સામે માન્ચેસ્ટરમાં રમાઇ રહેલી ઇગ્લેન્ડ અને વેસ્ટ ઇન્ડીઝ વચ્ચેની ત્રીજી ટેસ્ટ મેચમાં ઇગ્લેન્ડના બોલર સ્ટુઅર્ટ બ્રોડે તેની કારકીર્દીની ૫૦૦ વિકેટ પુરી કરી હતી. આ કરનારો તે વિશ્વનો સાતમો બોલર બન્યો હતો.જો કે આ સાથે તેણે એક અનોખી સિધ્ધિ હાંસલ કરી હતી. આ એવી સિધ્ધી હતી કે જેના વિશે લોકો જાણતા નથી. આવો સંયોગ વારંવાર બનતો નથી. હકીકતમાં બ્રોડે જ્યારે ૫૦૦ વિકેટ ઝડપી હતી ત્યારે તેની સાથે રમી રહેલો એન્ડરસન પણ ૫૦૦ વિકેટ લેનાર બોલર હતો. આમ એક ટેસ્ટમાં બે એવા બોલર રમી રહ્યા હતા કે જેમણે ૫૦૦ વિકેટ ઝડપી હોય. અગાઉ અન્ય બોલરોએ પણ ૫૦૦થી વધારે વિકેટો ઝડપી છે પરંતુ ત્યારે આવો સંયોગ પેદા થયો નથી.

# આખરે આઇપીએલની ક્રિકેટ મેચો રમાશે,૧૯મી સપ્ટે.થી શરુ થશે અને ૮ નવેમ્બરે ફાઇનલ રમાશે

કોરોનાના કારણે રોકાઇ ગયેલી આઇપીએલની મેચો શરુ થશે તેવા આસાર સાંપડ્યા છે. ઇન્ડીયન પ્રીમીયર લીગની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ ૧૯મી સપ્ટે.થી શરુ થશે અને આઠમી નવેમ્બરે તેની ફાઇનલ રમાશે. આઇપીએલના ચેરમેન બ્રિજેશ પટેલે । બાબતની જાહેરાત કરી હતી. આઇપીએલની ગર્વનીંગ કાઉન્સીલની બેઠક મળ્યા બાદ આ તારીખોને મંજુરી અપાશે. પરંતુ બીસીસીઆઇએ તમામ આઠ ફ્રેન્ચાઇઝીને આ અંગે માહિતગાર કરી દીધા છે.

બ્રિજેશ પટેલે કહ્યુ હતું કે બેઠક ટુંક સમયમાં મળશે પરંતુ અમે તારીખો નક્કી કરી નાંખી છે તે મુજબ ૧૯મી સપ્ટે.થી તેનો પ્રારંભ થશે.

આઇપીએલ દરમિયાન પ્રેક્ષકોને સ્ટેડીયમમાં પ્રવેશ આપવો કે નહીં તે અંગેનો નિર્ણય યુએઇ સરકારે લેવાનો છે.પરંતુ સોશ્યલ ડિસ્ટન્સ જાળવી રાખવામાં આવશે તેમ કહીને તેમણે કહ્યુ હતું કે યુએઇમાં ત્રણ મેદાનો છે .દુબઇ,શારજાહ અને અબુધાબી ખાતે તમામ મેચો રમાશે. આ વખતે આઇપીએલની ટી.૨૦ ટુર્નામેન્ટ ૫૧ દિવસ ચાલશે અને તે ફ્રેન્ચાઇઝી અને બ્રોડકાસ્ટર્સના હિતમાં હશે.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
<;5849<6;9


## જાણવા જેવું !

જાન્યુઆરી ૨૦૦૯માં વિવિડ પિન્ક તરીકે ઓળખાતા ગુલાબી રંગના હીરાની હરાજી કરવામાં આવી હતી.આ હીરાની આસપાસ બે સફેદ હીરા જડવામાં આવ્યા હતા. અને ૪૩.૬ કરોડ રુપીયામાં તે વેચાયો હતો.

મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્ક્રીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્ક્રીપ્ટના ૩ કરોડ,૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.

વિશ્વમાં જાઇન નદી એકમાત્ર નદી છે જ્યાં માછલીઓ જોવા મળતી નથી

જ્હોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઇ વ્યક્તિ બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા

બેલ્જીયમનો ત્રણ માસનો સૌથી નાનો સેનાપતિ ડ્યુક ગોડફે ત્રીજો ઇતિહાસમાં ધી કેડલ ડ્યુક ના નામથી ઓળખાય છે.આ બાળ સેનાપતિ ઘોડીયામાં સુવાડીને યુધ્ધના મોરચે લઇ જવાતો હતો.

# મહારાષ્ટ્ર સરકારને અસ્થિર કરવા માટે ભાજપ કોશીશ કરી રહ્યુ છે : શરદ પવાર, એનસીપી પ્રમુખ



એનસીપીના પ્રમુખ શરદ પવારે મહારાષ્ટ્રમાં ગત વર્ષે એનસીપી,શિવસેના,અને કોગ્રેસની મહાઅઘાડી સરકાર બની છે તેને ભાજપના કેટલાક તત્વો અસ્થિર કરવા માટેની કોશીશ કરી રહ્યા છે તેવું જણાવ્યુ હતું. તેમણે કહ્યુ હતું કે જ્યારે મહા અઘાડી સરકાર બની છે ત્યારથી આ સરકાર કેટલો સમય રહેશે તેને લઇને સતત સવાલ થઇ રહ્યા છે. આ દરમિયાન શરદ પવારે એક ઇન્ટરવ્યુમાં ભાજપ પર ગંભીર આરોપ લગાવ્યો હતો અને કહ્યુ હતું કે ભાજપ દ્વારા મહારાષ્ટ્ર સરકારને સતત અસ્થિર કરવાની કોશીશ કરવામાં આવી રહી છે.

શરદ પવારે હાર્ટ હિટિંગ ઇન્ટરવ્યુમાં કહ્યુ કે ભાજપ ઉર્ફે ભગવા પાર્ટીએ હકીકત પચાવી શકવા અસમર્થ છે કે આ દેશના કેટલાક હિસ્સામાં તેઓની સત્તા નથી અને એટલા માટે લોકશાહી ઢબે ચુંટાયેલી સરકારને પાડવા માટે ભાજપ દ્વારા સતત કોશીશ કરવામાં આવી રહી છે. ઓપરેશન લોટ્સનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યુ હતું કે અહીયા પણ એવો જ પ્રયાસ થઇ રહ્યો છે .દેવેન્દ્ર ફડનવીશ કહી રહ્યા છે કે મહારાષ્ટ્રમાં આ સરકારને પરેશાન કે અસ્થિર કરવા ઇચ્છતા નથી પરંતુ આ દંભ છે. સરકાર તોડવા માટે તમામ સ્તરના પ્રયાસ કરાઇ રહ્યા છે. ભારત સરકારશ્રી થી માંડીને તમામ પ્રકારના પ્રયાસ કરવામાં આવ્યા, પરંતુ મહારાષ્ટ્ર સરકારને પાડવામાં હજુ ભાજપ સફળ રહ્યુ નથી.શરદ પવારે એમ પણ કહ્યુ હતું કે ભાજપ દ્વારા મહારાષ્ટ્ર સરકાર પાડવા માટે સતત પ્રયાસ કરાઇ રહ્યા છે. પરંતુ હું તેમને કહેવા ઇચ્છું છું કેઅમારી ગઠબંધન સરકારમાં કોઇ સમસ્યા નથી.અને આ સરકાર પાંચ વર્ષ પુરા કરશે, તેમાં કોઇ શંકા નથી.

અમારી અને શિવસેના વચ્ચે વિચારધારાના મતભેદ છે. તો ૧૯૭૭માં જનતા પાર્ટીની સરકારમાં જનસંઘ અને કોમ્યુનીસ્ટ પાર્ટી સામેલ હતી. મહારાષ્ટ્ર સરકારમાં ત્રણેય પાર્ટી કોમન મિનિમમ પ્રોગ્રામ હેઠળ કામ કરી રહી છે.

૧૯૯૮માં એક ફાઉન્ટેન પેનની હરાજી થઇ અને આ પેનના ૨૧ કરોડ ૮લાખ રૂપીયા ઉપજ્યા હતા. આ પેનમાં રૂબિ,સેફાયસ વિગેરે કીમતી પથ્થરો જડવામાં આવ્યા હતા અને તે એક નહી પુરા ૬૦૦.ફ્રેન્ચ કંપની રીડીન દ્વારા તે બનાવવામાં આવી હતી.આ પેનને બનાવવામાં એક વર્ષનો સમય લાગ્યો હતો.

મનુષ્યના ગળામાં રહેલા કાકડા રબર બોલ કરતાં વધુ ઉંચા ઉછળી શકે છે પરંતુ આ પ્રક્રિયા માત્ર ૩૦ મીનીટ સુધી જ થઇ શકે છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
*નીલા સી.ગામડીયા*
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.